## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**ક્યારેક કાચ સામે, ક્યારેક સાચ સામે..**
**થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી**

**- ચિનુ મોદી**

### પાથેય

**- રમેશ ઠક્કર**

## સભરતાનો અભરખો...

સતત ઝઝૂમતા રહેવાની માણસની મથામણ પણ ગજબ હોય છે.કવિ આ રીતે એને વ્યક્ત કરે છે..ઘણીવાર આપણે નિરર્થકતાનો એહસાસ કરીએ છીએ..બરાબર મહેનત કરી હોય,નિષ્ઠા દાખવી હોય તોય પરિણામ વિફળ હોય..આવા સમયે સાર્થકતા નો અભાવ માણસને કોરી ખાય છે..વ્યકિતને જયારે કોઈ કામ કે લક્ષ્ય માટે પ્રવૃત્ત થાય છે ત્યારે શરૂઆતમાં એનામાં એક ઉત્સાહ હોય છે..જોમ હોય છે..પરંતુ કહેવાયું છે ને કે માણસ ધારે છે કંઈક એક અને ઈશ્વર કરે છે કંઈક બીજું..માણસની શ્રધ્ધા જયારે ફરિયાદ નથી થતી ત્યારે એક વિષાદ એને ઘેરી વળે છે..વિષાદ જયારે એને વિચારતો કરી મૂકે ત્યારે એમાંથી જીવનનું સત્ય પ્રગટતું હોય છે.

કોઈપણ બાબતે મળેલી વિફળતા એક ખાલીપો સર્જી જાય છે..ખિન્ન થયેલું મન હંમેશાં શૂન્યાવકાશ સર્જે છે જે માણસને પીડતો રહે છે..કશુંક પામવાની ઘટના હંમેશાં આપણને સભરતા આપી જાય છે.પામવું એટલે એક સંતોષ એવી એક અનુભૂતિ હોય છે..સામાન્ય માણસ જીવનની સાર્થકતા માટેની જે અપેક્ષાઓ હોય છે એ સીધાસાદા માપદંડો વાળી હોય છે..કવિ સર્જક કે કોઈ સંવેદનશીલ વ્યકિત માટે એ એટલું આસાન નથી હોતું ! અને એટલે જ વસવસો કે વલોપાત એમના માટે અસહ્ય બની જતો હોય છે !

માણસને ધાર્યું મળે એ માટે ફક્ત ઈચ્છાઓ કે પ્રયત્નો જ નહીં પરંતુ જીવન પ્રત્યેનો અભિગમ પણ મહત્વની ભૂમિકા નિભાવે છે..નાનું સરખું કાર્ય કે નાનકડી સંબંધની લકીર જયારે તૃપ્તતા નો અનુભવ કરાવે છે ત્યારે આપોઆપ આનંદ છવાઈ જતો હોય છે.સતત ધમાલ અને અવિરત આયામો પછી પણ કંટાળાજનક વિફળતા ની અનુભૂતિ થાય તો ટકી રહેવું મુશ્કેલ બની જાય છે..માણસ માટે કહેવાયું છે કે એ ઈચ્છાઓનું એક પોટલું છે..એ જીવે છે જુદીજુદી એષણાના મોહપાશમાં..એના અંતરમાં અનેક ઉર્મિઓ ઉછાળા મારતી રહે છે..એને સંતોષવાના ધમપછાડા

આપણી મથામણ કયારેક સાચી દિશાની તો કયારેક કાચી કેડીની હોઈ શકે..ઘણીવખત એ સંપૂર્ણપણે કુદરતના આધાર ઉપર ચાલતી રહે છે..માણસ અટકળોના સહારે આગળ ધપતો રહે છે..ચાલવામાં થાક હોય છે..થોભી જવામાં પણ વિમાસણ હોય છે..બંનેમાં થાક ચોકકસ લઘુતમ સામાન્ય ઘટના હોય તો પણ એક તરફ સાર્થકતા અને બીજી તરફ એકવિધતાનો એહસાસ ઉભય પક્ષે અલગઅલગ પરિણામો આપે છે..આપણુ ગંતવ્ય જયારે ગણિત બની જાય ત્યારે ખાલીપો છવાઈ જાય છે..આપણું સત્ય એ ઘણીવાર અન્યનું સત્ય નથી હોતું..આપણી અપેક્ષા કયારેક આપણી છેતરામણની છડીદાર બની જતી હોય છે..એ ખાલીપો બનીને રહી જાય તો વસવસાની વાર્તા બની જાય..અને જો અંતરના આનંદ બની ઉભરાઈ જાય તો જીવંત કાવ્ય બની જાય..સભરતાનું એ કાવ્ય આપણને ભીતરબહાર તરબતર કરી જાય છે..!

# રાજય સરકારોના અધિકારો સામે પ્રશ્નાર્થ

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે કોંગ્રેસ કરતાં પણ મોટાં દુશ્મન તૃણમૂલ કોંગ્રેસનાં પ્રમુખ મમતા બેનરજી બની રહ્યાં છે. એ બિન્ધાસ વડાપ્રધાન વિરુદ્ધ નકારાત્મક નિવેદનો કરતાં રહે છે. હમણાં વડાપ્રધાન દ્વારા યોજાયેલી દેશના મુખ્યમંત્રીઓ સાથેની વર્ચ્યુઅલ મીટિંગમાં મમતા બેનરજીએ ધરાર સંભળાવી દીધું કે વડાપ્રધાને બીજા કોઈને સાંભળવાની લેશ પણ દરકાર રાખ્યા વગર ફક્ત પોતાનાં જ ગાણાં ગાયા કર્યાં હતા એમને 'વૅટ' નહીં ઘટાડવા બદલ વિપક્ષી સરકાકો ધરાવતાં રાજયો પર દોષારોપણ કરીને નરાતળ અસત્ય રજૂઆત કરી હતી. મમતાની આ પ્રતિક્રિયાને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેનું પણ સમર્થન સાંપડ્યું હતું. પેટ્રોલ-ડીઝલના ભાવવધારાને અંકુશમાં લાવવા કેન્દ્ર સરકારે ભાજપ હસ્તકની રાજય સરકારોએ બહુ મોટું પગલું ભર્યું હોવાની અતિશયોક્તિ ભરી રજૂઆતથી જનસાધારણ પર પણ વડાપ્રધાન પોતાની પ્રશસ્તિમાં રાચતા હોવાની અને કોઈ પણ બહાના હેઠળ વિપક્ષોને લોકનજરમાં નીચી પાડવાની કવાયત કરતા હોવાની છાપ પડી છે. વડાપ્રધાનનું વલણ સમદૃષ્ટિવાળું નથી - એ તો હવે સર્વવિદિત છે. મમતા કે ઉદ્ધવ ઠાકરેને જંપીને બેસવા નહીં દેવ માટે તેઓ રાજયપાલ જેવી બંધારણીય સત્તાઓ પાર્ટીના લાભમાં વિનિયોગ કરતા રહ્યા છે. હિંદુત્વ, અયોધ્યા અને કાશ્મીર પ્રશ્ને ભાજપ બહુમતી જનસંખ્યા માટે અનિવાર્ય રાજકીય જવાબદારી - અસ્કામત નહીં જ નહીં - બની રહેલ છે. કોંગ્રેસ પાસે દૃષ્ટિ નથી, નેતા નથી અને કોઈ એને ઊછીની દૃષ્ટિ આપવા સામે ચાલીને તૈયાર થાય તો પણ એ સ્વીકાર્ય નથી. મમતા બેનરજી ઝુઝારું મહિલા નેત્રી છે, પણ એ હિંદી બેલ્ટમાં નથી, એમની પાસે રાષ્ટ્રીય સ્વીકૃતિ ધરાવતી પાર્ટી નતી. એમને વિપક્ષોનું પણ મર્યાદિત સમર્થન જ સાંપડ્યું છે. આ સંજોગોમાં જયારે કેન્દ્ર સરકાર એમની બહુમતીથી ચૂંટાયેલી સરકારને સીધેસીદી અડકી શકતી નથી ત્યારે એ ગૃહખાતા મારફત અર્ધલશ્કરી દળોના માધ્યમથી ઉંબાડિયા કરે છે.મમતા દીદીની પાર્ટી જાણે ગુંડાટોકળી હોય એમ એની સામે રોજના હિસાબે કોઈને કોઈ આક્ષેપ થતો રહે છે. બીરભૂમ હિંસામાં એક જ હાથે તાળી પડી હોય એમ માની લેવાય નહીં. પરંતુ કેન્દ્રની એજન્સીઓ તો કેન્દ્રને અનુકૂલ રિપોર્ટ જ આપે. મમતા બેનરજીએ ગૃહખાતા દ્વારા સરહદ સુરક્ષા દળનો રાજકીય દુરુપયોગ થતો હોવાનો ગંભીર આક્ષેપ મૂક્યો છે. કેન્દ્ર દ્વારા આવાં રાજયો પર બીએસએફની ધોંસ વધારવા એને સરહદથી પચાસ કિ.મી. સુધીના પ્રદેશમાં પોતાની રીતે ગુનેગાર તત્ત્વો સો કામ ચલાવવાની સત્તા અપાયેલ છે. મમતા બેનરજીએ પશ્ચિમ બંગાળમાં બીએસએફ ગાયોની તસ્કરી કરતું હોવાનો તથા સરહદના નાગરિકો પર અત્યાચારો ગુજારી એમનાં શબ બાંગ્લાદેશની હદમાં ફેંકી દેતું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે અને પશ્ચિમ બંગાળની પોલીસે આદેશ આપ્યો છે કે તે બીએસએફને સરહદથી પચાસ કિ.મી.ના વિસ્તારનું અતિક્રમણ ન કરવા દે. રાજયની પોલીસ અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળો વચ્ચે રાજકીય વૈમનસ્યને કારણે રાજકીય પક્ષો આવો વેરભાવ ઊભો કરાવીને અંતે તો દેશને નુકશાન જ પહોંચાડશે. પશ્ચિમ બંગાળની જેમ પંજાબની તત્કાલીન કોંગ્રેસ સરકારે પણ બીએસએપને અપાયેલ વિશેષાધિકારો રજૂ કરતા બિલ સામે વાંધો લીધો હતો. રાજય સરકારોને સંઘીય ઢાંચામાં મળેલ લોકતાંત્રિક અધિકારો પર કેન્દ્રની આ સીધી તરાપ છે. જો કે એથી પંજાબ અને પશ્ચિમ બંગાળ જેવાં સરહદી રાજયો સિવાય દેશના અન્ય વિસ્તારોને કોઈ ફરક પડતો નથી. કેન્દ્ર સરકાર તો હાથીની ગતમાં હાલ્યા જ કરશે !

# 'સુંદર'માંની સુંદરતા

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



ગોસ્વામી શ્રીમદ્ તુલસીદાસજી (ઈ.સ. ૧૫૩૩થી ૧૬૨૪) અયોધ્યામાં હતા. એ દિવસ રામનવમીનો હતો. એમણે 'રામચરિતમાનસ' ની રચના શરૂ કરી. (ઈ.સ. ૧૫૭૫) ૨ વર્ષ, સાત મહિના અને ૨૬ દિવસમાં આ કાવ્ય પૂરું થયું. 'સુંદરકાંડ' આનું પાંચમું સોપાન છે. સુંદરકાંડમાં ૬૦ પદ્યખંડો છે. મહર્ષિ વાલ્મિકીના સુંદરકાંડ માટે કહેવાયું છે - 'સુન્દરે કિં ન સુન્દરમ્ ?' તે આ સુંદરકાંડને પણ લાગુ પડે છે. ચૈત્ર માસમાં સુંદરકાંડના પાઠનો મહિમા છે. કારણ કે (૧) સુન્દરકાંડ તો હનુમાનગાથા છે. હનુમાનનો જન્મોત્સવ આ માસની પૂનમ છે. (૨) એમના હૃદયમાં બીરાજે છે, એ શ્રીરામનો જન્મોત્સવ સુદ નવમે છે. (૩) એમના દ્વારા સીતાની શોધ થઈ, એ સુદ આઠમ છે.



આમાંની કેટલી સુંદર ઉક્તિઓ આ પ્રમાણે છે :

(૧) હે ભાઈ ! ત્રાજવાનાં એક પલ્લામાં આપણે, સ્વર્ગ, મોક્ષ અને બધા સુખો મૂકીએ; અને બીજામાં માત્ર એક પળનો સત્સંગ મૂકીએ - તો પણ સત્સંગનું પલ્લું નમી જાય (૪)

(૨) હે રાવણ ! તું સાંભળી લે. આગિયો ચમકે, એનાથઈ કાંઈ કમલિનીનો વિકાસ થઈ જાય ? આ જાનકી કહે છે - તે મનમાં સમજી લે, અરે દુષ્ટ! તને રઘુવીરનાં બાણોની ખબર નથી. અરે શઠ ! હું એકલી હતી. ત્યારે તું મને ઉપાડી લાવ્યો. અરે અધમ ! નિર્લજ્જ! તને શરમ આવતી નથી ? (૯)

(૩) હે સીતા ! મને રામે કહ્યું છે - 'તું કહેજે. તારા વિયોગમાં મને બધું અવળું જ લાગે છે. વૃક્ષની નવી કૂંપળો મને અગ્નિના તણખા લાગે છે; સુંદર રાત્રિનો કાળરાત્રિઓ અને ચંદ્રમા સૂર્ય લાગે છે. (૧૫)

(૪) સારા માણસની અવગણના કરો, તો આવું જ પરિણામ આવે. આખું નગર નધણિયાતું હોય, એમ બળી ગયું, એક પળમાં નગર બાળી નાખ્યું. માત્ર એક વિભીષણનું ઘર ન બળ્યું (૨૬)

(૫) તમારા કુળના કમળવન માટે, સીતા શિશિર ઋતુની રાત્રિની જેમ આવી છે, દુઃખ આપ નારી છે. હે નાથ ! સાંભળી લો. સીતાને પાછી સોંપ્યા વિના; શિવ કે બ્રહ્મા - કોઈ તમારું હિત નહી કરી શકે (૩૬)

(૬) મમતા અંધારી રાત છે. એ રાગદ્વેષના ઘૂવડોને આનંદ આપે છે. પરંતુ જયાં સુધી હૃદયમાં પ્રભુના પ્રતાપને સૂર્ય ઊગ્યો નથી; ત્યાં સુધી જ એ માણસના મનમાં રહે છે (૪૭)

(૭) હે નાથ ! ભાગ્યનો ભરોસો શું કરવો ? મનમાં રોષ લાવીને, સાગરને સૂકાવી નાખો. દૈવ તો કાયર પુરુષોનો આધાર છે, આળસુ લોકો જ 'દૈવ, દૈવ' આ રીતો પોકાર્યા કરે છે. (૫૧)

(૮) રઘુનાથના ગુણોનું ગાન - તમામ પ્રકારના શુભ મંગળને આપનારું છે. જે કોઈ આને આદર આપીને સાંભળશે; તે સહુ વગર નૌકાએ સંસારના સાગરને તરી જશે (૬૦)

સમગ્ર સુંદરકાંડમાંથી પસંદ કરેલાં; આ તો માત્ર ઉદાહરણો જ છે. એટલે જ કહેવાયું છે 'સુંદર'માં શું નથી સુંદર ?

### દિન મહિમા




- આંતરરાષ્ટ્રીય નૃત્ય દિવસ

આજનું
### ઔષધ

- મરીનું ચૂર્ણ છાસ સાથે પીવાથી મરડો મટે છે.

### ખડખડાટ

- સરદારજીનો દીકરો : પપ્પા તમને રસ્તામાં ૫ રૂપિયાની અને ૧૦ રૂપિયાની નોટ નીચે પડેલી દેખાય તો તમે કઈ નોટ લેંશો ? સરદારજી : ૧૦ રૂપિયાની જ લેવચા ને !!! દીકરો : એટલે જ તો તમારી ઉપર જોક્સ બને છે બંને નોટ સાથે નથી લઈ શકતા ?

આજનો
### વોટ્સએપ

- સુવિચારો મહત્વનાં નથી પણ શું વિચારો છો ? તે મહત્વનું છે.

# માઈક્રોબાયોલોજીના પિતા તરીકે કોણ ઓળખાય છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



### વિજ્ઞાન જગત

૧ હોમો સેપિયન્સ કોનું વૈજ્ઞાનિક નામ છે ?
(અ) માનવીનું (બ) ડાયનોસોરનું
(ક) વાંદરાનું (ડ) કાચબાનું

૨ થાઈરોક્સીન શું છે ?
(અ) વિટામીન (બ) પ્રોટીન
(ક) રક્તનો પ્રકાર (ડ) હોર્મોન

૩ સોલ્મોનેલા ટાઈફી કયા રોગના સુક્ષ્મજીવાણું છે?
(અ) ડેન્ગ્યુ (બ) ટાઈફોઈડ
(ક) મેલેરિયા (ડ) ક્ષય

૪ મકાઈના વધુ પડતા આહારથી કયો રોગ થઈ શકે છે ?
(અ) મધુપ્રમેહ (બ) અસ્થમા
(ક) પેલાગ્રા (ડ) ટી.બી.

૫ આસ્ફાલ્ટ એ કોનું વૈજ્ઞાનિક નામ છે ?
(અ) કોલસાનું (બ) ડામરનું
(ક) પેટ્રોલનું (ડ) પથ્થરનું

૬ સૌથી નાનો ઉપગ્રહ કયો છે?
(અ) મીમાસ (બ) ટીટાન
(ક) ખોબોસ (ડ) ડોમોસ

૭ ઉત્ક્રાંતિવાદનો સિદ્ધાંત કોણે આપ્યો ?
(અ) ન્યૂટને (બ) ગેલેલીયો
(ક) મેન્ડલે (ડ) ડાર્વિને

૮ હેલીનો ધૂમકેતુ છેલ્લે કઈ સાલમાં દેખાયો હતો ?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૬
(ક) ૧૯૯૫ (ડ) ૨૦૦૬

૯ કોપર અને ઝીંકના મિશ્રણથી કઈ ધાતુ બને છે ?
(અ) કાંસુ (બ) એલ્યુમિનિયમ
(ક) પિત્તળ (ડ) ઝર્મેનિયમ

૧૦ કવોન્ડીસે કયા વાસુની શોધ કરી હતી ?
(અ) હાઈડ્રોજન (બ) હિલિયમ
(ક) મિથેન (ડ) બ્યુટેન

૧૧ કયા વૈજ્ઞાનિકે વિષાણુની શોધ કરી હતી ?
(અ) રોબર્ટ કોચ (બ) ઈવા નોવેસ્કી
(ક) લૂઈ પાશ્ચર (ડ) વોન બેયર

૧૨ ભારતીય વૈજ્ઞાનિકે ડૉ. એ.સી. માહેશ્વરીનું નામ શાની સાથે સંકળાયેલ છે ?
(અ) ટીસ્યુ કલ્ચર (બ) વર્મી કંપોસ્ટ
(ક) હાઈડ્રોફોનિક (ડ) રાસાયણિક ખાતર

૧૩ માઈક્રોબાયોલોજીના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(અ) રોબર્ટ કોચ (બ) એડવર્ડ જેનર
(ક) રોબર્ટ બોઈલ (ડ) લૂઈ પાશ્ચર

૧૪ બાયો કેમિસ્ટ પિનકસ એ કઈ દવાની ગોળીની શોધ કરી ?
(અ) ગર્ભ નિરોધક ગોળી (બ) ડાયાબીટીસની ગોળી
(ક) બ્લડ પ્રેસરની ગોળી (ડ) માથાના દુઃખાવાની ગોળી

૧૫ 'વિડાલ' ટેસ્ટ કયા રોગના નિદાન માટે કરવામાં આવે છે?
(અ) ટી.બી. (બ) ડાયાબિટીસ
(ક) ટાઈફોઈડ (ડ) એઈડસ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૯ એપ્રિલ : (વિશ્વ નૃત્ય દિવસ)
  - ગુજરાતમાં મીલ ઉદ્યોગની સ્થાપના કરનાર રણછોડલાલ રેટીયાવાળાની જન્મજયંતિ (૧૮૨૩)
  - જાપાનના ઉદ્યોગપતિ હિરોઓહીશેનો જન્મદિવસ (૧૯૦૧)
  - અમેરિકાના લોસ એન્જેલસમાં તોફાનો ફાટી નીકળતાં ભારે નુકશાન થયું (૧૯૯૨)
  - બાંગ્લાદેશમાં વાવોઝોડું ત્રાટકતાં દોઢ લાખ લોકોની જાનહાનિ થઈ (૧૯૯૧)
- ૩૦ એપ્રિલ : બાળમજૂરી વિરોધી દિવસ
  - અમેરિકાના પ્રથમ પ્રમુખ જયોર્જ વોશિંગ્ટને ન્યૂયોર્કના ફેડરલ હોલમાં પ્રથમ રાષ્ટ્રીય સંબોધન કર્યું (૧૯૮૯)
  - મશહુર ફ્રેન્ચ ચિત્રકાર એડોર્ડ મેનેટનો જન્મદિવસ (૧૮૩૨)
  - સ્વીડનના ૧૬મા રાજા કાર્લ ગુસ્તાફનો જન્મદિવસ (૧૯૪૬)
  - વિલિયમ એલેકઝેન્ડર નેધરલેન્ડના રાજા બન્યા (૨૦૧૩)
- ૧ લી મે : ગુજરાત સ્થાપના દિવસ
  - અભિનેત્રી અનુષ્કા શર્માનો જન્મદિવસ (૧૯૮૮)
  - ઓસામા બિન લાદેનની અમેરિકાએ પાકિસ્તાનના અબોટાબાદમાં હત્યા કરી (૨૦૧૧)
  - અમેરિકાના પ્રેસીડેન્ટ બીલ ક્લીન્ટને એક્યુરેટ જીપીએસ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરી (૨૦૦૦)
  - લેબર પાર્ટીના નેતા ટોની બ્લેયર યુકેના વડાપ્રધાન બન્યા (૧૯૯૭)
- ૨જી મે :
  - મહાન ચિત્રકાર અને વૈજ્ઞાનિક લિયોનાર્દો - દ - વિન્ચીનું નિધન (૧૫૧૯)
  - ભારતીય ફિલ્મ ઉદ્યોગના પિતામહ સત્યજીત રેનો જન્મદિવસ (૧૯૨૧)
  - વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી બ્રાયન લારાનો જન્મદિવસ (૧૯૬૯)
  - વી.કે. કૃષ્ણમેનનો જન્મદિવસ (૧૯૨૧)
- ૩જી મે :
  - માર્ગારેટ થેચર બ્રિટીશ પ્રાઈમ મિનિસ્ટર તરીકે ચૂંટાયા (૧૯૭૩)
  - કેનેડાના અબ્બટોના ફોર્ટ મેકમેરીમાં આગ લાગતાં ૮૦ હજાર લોકોએ હિજરત કરવી પડી. (૨૦૧૬)
  - ઈઝરાયેલના ફાઉન્ડર અને ચોથા પ્રાઈમ મિનિસ્ટર ગોલ્ડ મેરનો જન્મદિવસ (૧૯૯૮)
  - પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસૈનનો જન્મદિવસ (૧૯૬૯)
- ૪થી મે : વિશ્વ અસ્થમા દિવસ / વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ
  - સમર્થ સાહિત્યકાર ચં.ચી. મહેતાનો જન્મદિવસ (૧૯૯૧)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના બનારસ ઘરાનાના તબદાવાદક પંડિત કિશન મહારાજનું અવસાન (૨૦૦૮)
  - એન્ટી વિયેટનામ વોરના પ્રદર્શનમાં કેન્ટ સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની હત્યા થતા તોફાનો ફાટી નીકળ્યા (૧૯૭૦)
  - બેલ્જિયમની બ્રિટીશ એક્ટ્રેસ એન્ડ્રી હેષબર્નનો જન્મ (૧૯૨૯)
- ૫ મે :
  - મ્યુઝિક ડિરેકટર નૌશાદનું અવસાન (૨૦૦૬)
  - પુએલ્લા સામેના યુદ્ધમાં મેક્સિકોએ જીત મેળવી (૧૯૬૨)
  - જર્મન ફીલોસોફર કાર્લ માર્ક્સનો જન્મદિવસ (૧૮૧૮)
  - પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘનો જન્મદિવસ (૧૯૧૬)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તાજેતરમાં શત્રુઘ્ન સિંહા કયા રાજયમાંથી ચૂંટાઈને સંસદસભ્ય બન્યા ?
જવાબ : પશ્ચિમ બંગાળ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) નિકુંજ બી પ્રજાપતિ : સે-૬ (૫) હાર્દિક મકવાણા : સે-૨૪ (૬) મીત પી. પટેલ : સરગાસણ (૭) એન બી ચુડાસમા : સેકટર-૩બી

**આ સપ્તાહનો સવાલ**

તાજેતરમાં ઉદ્ધવ ઠાકરેના બંગલા બહાર 'હનુમાન ચાલીસા' વાંચવા બદલ જેમની ધરપકડ થઈ છે તે પૂર્વ અભિનેત્રી અને સાંસદ નવનીત કૌર રાણા કયાં સંસદીય ક્ષેત્રના સાંસદ છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અધિકારી 'અંદર' થઈ ગયા, બંદર 'બહાર' છટકી ગયા

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



'ઘણાંને સવારના પોરમાં પહેલાં ચા જોઈએ, પછી જ એમને બીજું કામ સૂઝે. અને ઘણાંને ઊઠતાવેંત જોઈએ છાપુ. દેશ-દુનિયાની ખબરો પર નજર નાખ્યા વિના એમની ગાડી પાટ ના ચઢે... તો વળી કેટલાકને 'ચા પાન' સાથે 'પેપર પાન' કરવાની આદત હોય છે. કપમાંથી 'ટી' પીતાં પીતાં કપટી જગતના ન્યૂઝ વાંચવાની એમને મજા પડતી હોય છે ! સવાર સવારમાં ગુટકા-માવો મસળીને મોંમાં પધરાવવા કરતાં કે પડોશી જોડે પંચાત કૂટવા કરતાં આ અને પેપરનું બંધાણ નિર્દોષ અને આવકાર્ય છે એમાં બેમત નથી.

હા, છાપાની લતનું એક જ દુઃખ કે સવાર સવારમાં ન્યૂઝ પેપરમાં નજરે પડી ગેયલ સમાચારો પૈકી એકાદ ખબર પછી આખો દિવસ આપણા મગજમાં ઘૂમરાયા કરે છે - ઝટ એ મનનો કબજો છોડતી નથી.

એમ તો 'ગુડ મોર્નિંગ'માં રેડિયો કે ટી.વી. પર ભજનો - ફિલ્મી ગીતો સાંભળવાના બંધાણીઓ ય હોય છે. આ ટેવ સારી કહેવાય કેમ કે ઊઠતાં સાથે બીજા કકળાટ કરતાં ચિત્તને પ્રસન્નતા અર્પનાર ગીત-સંગીતની સંગત સમુ ઉત્તમ બીજું કશું જ નથી. જેમ અખબાર વાંચીને એકાદી ખબર દિનભર દિમાગનો કેડો નથી મૂકતી એમ કેટલીય વાર સવારે સાંભળેલ - કાને પડી ગયેલ કોઈ ગીતની પંક્તિઓ પછી આખો દિવસ મનમાં ગૂંજ્યા કરતી હોવાનો ને અનાયાસે જ વારંવાર એ ગીત આપણાથી ગવાઈ - ગણગણાઈ જવાનો અનુભવ આપણને છે જ ને ? એ પંક્તિઓ રાત્રે સૂઈ જઈએ ત્યાં સુધી આપણા અનકોન્સીયસ માઈન્ડમાં રમ્યા જ કરતી હોય છે.

આ તો થઈ આડ વાત. મૂળે આપણે વાત કરતા હતા. ન્યૂઝ પેપરના બંધાણની ! આમ જોઈએ તો હવે ટી.વી. ને સોશિયલ મીડિયાના સમયમાં સવારે અખબાર હાથમાં આવે એ પહેલાં ઘણા બધા સમાચારો મળી જતા હોવાની એના માટે પેપર વાંચવાની એટલી બધી જરૂર નથી ને પાછા છાપામાં સમાચારે ય મોટે ભાગે 'લૂંગડા ઉતારીને વાંચજો' જેવા જ એટલે કે મોંઘવારી, ભાવ વધારો, અછત, ભ્રષ્ટાચાર, ખૂન-છેતરપીંડી, યુદ્ધને આતંકવાદ જેવા દિલને દુભાવે ને ગ્લાનિ અનુભવાય એવા જ આવતા હોય છે. આવું ને આવું વાંચીને એ વિચારે દુઃખી દુઃખી થઈ જવાય કે સમાજ-સંસાર કઈ દિશામાં (ઊંડી ગર્તા તરફ જ સ્તો!) જઈ રહ્યો છે... મતલબ આમ તો સવારે સવારે પેપર ના વાંચીએ તો ઝાઝું કશું ગુમાવવા જેવું નથી હોતું પરંતુ વર્ષોની પડી ટેવ તે કેમ ટળે, ખરું ને ?

કાલના પેપરમાં 'કલોલના મામલતદાર લાંચ લેતા પકડાયા' એ સમાચાર હતા. 'મામલતદાર' શબ્દમાં જ 'માલદાર' શબ્દ સમાયેલો છે તેથી મામલતદાર 'માલદાર' જ હોય એવું સામાન્ય પ્રજાને લાગ્યા કરવું સ્વાભાવિક છે. કદાચ આ મામલતદાર સાહેબે વધુ 'માલદાર' થવા ને એ પણ વધુ સ્પીડમાં થઈ જવાની લાલચ ને લાહ્યમાં 'લાંચ' નો શોર્ટકટ પકડ્યો હશે ? એમ પણ હોય કે આ મામલતદાર દરેક કામગીરીમાં 'લાંચ' રુપી ચાંચ મારી લેવાના 'બંધાણી' હશે - એવી 'લત' ('મામલતદાર' માં 'માલદાર' સાથે 'લત' શબ્દ પણ આવે છે એ સૂચક હશે?) લાગી ગઈ હોવી જોઈએ. એમનો છૂપો આશય 'મામલતદાર' નામને 'માલદાર'માં ફેરવી, આગવું ગૌરવ બક્ષવાનો પણ હોઈ શકે !! જો કે આ વખતે એમના ગ્રહો નબળા પડ્યા અને એસીબી (એન્ટી કરપ્શન બ્યૂરો)ના સ્ટાર્સ પાવરફુલ તે મામલતદાર 'માલ' લઈને 'માલદાર' થતાં પૂર્વે જ પાયમાલ થઈ ગયા - ઝડપાઈ ગયા અને હોદ્દાને ગૌરવ વધતાં પહેલાં 'સાહેબ' માંથી 'લાંચિયા' નું વિશેષણ લાગી ગયું એમને !

કલોલમાં આ અધિકારી એસીબીના છટકામાં સપડાઈ ગયા પણ એ જ કલોલમાં 'એક તોફાની બંદર વન વિભાગે ગોઠવેલા પીંજરમાં સપડાયો નથી.' એવા ન્યૂઝ પણ એ જ દિવસે - એ જ પાને છપાયા હતા. 'મામલતદાર' કરતાં કપિરાજના ગ્રહો બળવાન સાબિત થયા.

આ બંને સમાચારો વાંચીને દિમાગમાં જે વિચારયુદ્ધ ચાલ્યું તે એ કે અધિકારી - માણસ મામસાઈ ભૂલતો જાય છે. તેથી જ ફરજચ્યુત થાય છે ને અવળા ધંધા આદરે છે. તો વાનર આપણા પૂર્વ જ હોવા છતાં આપણને રંઝાડવા માંડ્યા છે... એનું કારણ કદાચ આપણે વિકાસની આંધળી દોટમાં (વિકાસ એટલે ભૌતિક સવલતો માત્ર એ ખોટા ખ્યલ સાથે આદરેલી દોટ...) આપણા પૂર્વજોને નિરાંતે રહેવા - મોજમસ્તી કરવા - જંગલો રહેવા દેતા નથી એટલે એ હવે આપણી સાથે રહેવા આવવા મજબૂર બન્યા છે અને આપણે એમને આવકારતા નથી. માટે ચિડાઈને તોફાને ચડી રંજાડે છે... બંને સમાચારોનો સાર એ જ કે માનવજાતે જ સુધરવાની જરૂરછે, શું કહો છો ?